ગાંધીનગર સિવિલ હોસ્પિટલને હવે નર્મદાના નીર મળશે

હોસ્પિટલ તંત્રએ પાણી પુરવઠા બોર્ડમાં નાણા પણ જમા કરાવી દીધા છે

ગાંધીનગર, તા.૨૦

જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલને હવે ટુંક સમયમાં નર્મદાના નીર મળશે. અત્યાર સુધી સમગ્ર હોસ્પિટલમાં બોરમાંથી પાણીની વ્યવસ્થા પુરી પાડવામાં આવતી હતી. સિવિલમાં નર્મદાના નીર માટે પાણી પુરવઠા વિભાગમાં અંદાજે રૂ. ૧૫ લાખની ચુકવણી કરવામાં આવી છે. લાગતા વળગતા તંત્રની પરવાનગી બાદ જોડાણ આપવામાં આવશે જેને પગલે હોસ્પિટલના પીઆઈયુ વિભાગ દ્વારા કવાયત તેજ કરવામાં આવી છે. નર્મદાના પાણીના ધારાધોરણ મુજબ જે દર નક્કી કરવામાં આવશે તેની પણ ચુકવણી જીએમઈઆરએસ દ્વારા કરવામાં આવશે. ટુંક સમયમાં સમગ્ર શહેરની સાથે હોસ્પિટલને પણ નર્મદાના નીર મળશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવી બિલ્ડીંગના વિવિધ વોર્ડમાં રોજ પાણીના પોંકાર ઉઠવા પામે છે. પહેલા માત્ર ત્રણ માળની હોસ્પિટલ હતી જયારે અત્યારે હાલના સમયે ત્રણ ગણી હોસ્પિટલ વધી જવા પામી છે. જેને પગલે પાણીના વપરાશમાં પણ દિન પ્રતિદિન વધારો થાય છે. હોસ્પિટલ તંત્ર દ્વારા તકેદારી રાખીને નિયમિત પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. નિર્માણ સમયથી સિવિલમાં બોર થી પાણી પુરુ પાડવામાં આવી રહ્યું છે. જેનું લાઈટબીલ પણ અધધ આવતુ હોય છે. તેવા સંજોગોમાં જે તે સમયે હોસ્પિટલમાં મળેલી ખાસ બેઠકમાં ગાંધીનગર કલેકટર દ્વારા સુચન કરવામાં આવ્યું હતું કે સમગ્ર શહેરની સાથે સાથે સિવિલ હોસ્પિટલને પણ નર્મદાનું પાણી મળી રહે. ત્યારબાદ તંત્ર દ્વારા તે દિશામાં પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા જેમાં સિવિલ તંત્રને સફળતા પ્રાપ્ત થવા પામી છે. જીએમઈઆરએસ સોસાયટી દ્વારા પાણી પુરવઠા બોર્ડને અંદાજે રૂ.૧૫ લાખની ચુકવણી કરવામાં આવી છે. પીઆઈયુ વિભાગ દ્વારા પાણીના કનેકશન માટે કવાયત હાથ ધરવામાં આવી છે. સમગ્ર સિવિલ સંકુલને ટુંક સમયમાં નર્મદાનું પાણી મળશે. આ અંગે સિવિલના સુપ્રિરીટેન્ડન્ટ ડો. બિપિન નાયકે જણાવ્યું હતું કે અત્યારે હાલ બોરનું પાણી સમગ્ર સંકુલમાં પહોચાડવાની કામગીરી પીઆઈયુ વિભાગ કરે છે.નર્મદાના પાણીનો વધારાનો જથ્થો મળશે તો સંકુલમાં પુરતા ફોર્સથી પાણી મળી રહેશે અને બોરના પાણીનો વપરાશ પણ ઘટશે જેથી બોરના પાણીની મર્યાદામાં પણ વધારો થવા પામશે. હોસ્પિટલમાં પાણી માટેની જે ફરિયાદો ઉઠવા પામે છે તેનુ પણ નિરાકરણ આવશે.

ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ

નાનપણમાં ગામડામાં કાચા માર્ગોને કારણે પગમાં ઠેસ બહુ વાગતી... પછી પગમાં ચપ્પલ પણ પહેરી શકાતા નહીં. ઉનાળાના આવા દિવસોમાં ભર બપોરે બહાર નીકળવાનું થતું ત્યારે એક છાંયડેથી બીજે છાંયડે દોડી દોડીને જવું પડતું..! તડકામાં પગના તળિયાંને એ ચચરાટ ઉગાડપગા ગરીબ બાળકોને જોઉં ત્યારે આજે પણ એટલો જ અનુભવાય છે. ફૂટપાથ માટે પેવર બ્લોક નાખતા શ્રમિક પરિવારના આ સંતાનને શીતળ છાંયડીમાં બે વૃક્ષ વચ્ચે દોરડું અને કપડું બાંધીને બનાવેલા ઘોડિયામાં મીઠી નિંદર માણતું જોયું ત્યારે છાંયડાના ઐશ્વર્યનો અહેસાસ થયો... બાળક સુતું હોય ને ત્યારે તેના ચહેરા પરની પ્રસન્નતા ધ્યાનથી જોજો, ઈશ્વરની ઉપસ્થિતિનો અહેસાસ થશે...

બચાવની તાલીમ : એસ.આર.પી. ગ્રુપ નં. ૧૨ દ્વારા કેનાલમાં ડૂબતા નાગરિકોને બચાવવા માટેની તાલીમ આરંભાઈ છે. છેલ્લા ત્રણ દિવસથી ચાલતી તાલીમમાં જવાનોને કેનાલની આરપાર જઈને બચાવની કામગીરી કેમ કરવી તેવી ખાસ તાલીમ અપાય છે. પાણીના પૂર અને અતિવૃષ્ટિ સમયે પૂરગ્રસ્તોને બચાવવાની તાલીમ પણ અપાઈ રહી છે.

મોઢેશ્વરી માતાજીનો દ્વિતીય પાટોત્સવ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા.૨૦

પેથાપુર - રાંધેજા માર્ગ પર આવેલ મોઢેશ્વરી ભવન ખાતે શ્રી મોઢેશ્વરી માતંગી માતાજીનો ભવ્યાતિ ભવ્ય દ્વિતીય પાટોત્સવ, શારદાબા ભોજનાલય, કમળાબા સભાગૃહ અને પ્રસાદગૃહનું નામાભિકરણના કાર્યક્રમનું આયોજન આગામી તા.૩૦ જૂન ગુરુવારના રોજ કરવામાં આવ્યું છે. સૌ ધર્મપ્રેમી જનતાને દ્વિતીય પાટોત્સવના દિવ્ય પ્રસંગે દર્શનનો લાભ લેવા ટ્રસ્ટી મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ખાતે મોઢેશ્વરી માતાજીના દ્વિતીય પાટોત્સવનુંઆયોજન કરવામાં આવ્યું છે. પાટોત્સવ તેમજ વિવિધ યોજાનાર ધાર્મિક પ્રસંગમાં મોટી સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહેશે. આ પ્રસંગે શારદાબા ભોજનાલય, કમળાબા સભાગૃહ અને પ્રસાદગૃહનું નામાભિકરણ પણ કરવામા આવનાર છે. પાટોત્સવના કાર્યક્રમમાં હવનમાં બેસનાર યજમાન માટે રમેશભાઈ પ્રજાપતિ (ભાણાભાઈ) દ્વારા રાસ ગરબા તેમજ ફેકર શો (આતશબાજી) યોજાશે. જયારે તા.૩૦ જૂનને ગુરુવારના રોજ સવારે ૬-૩૦ કલાકે માતાજીનો અભિષેક, સવારે ૮-૩૦ કલાકે માતાજીના શણગારની આરતી, ૯ કલાકે માતાજીનો કેક, ૯-૩૦ કલાકે યજ્ઞ પ્રારંભ, સવારે ૯-૪૫ કલાકે નામાભિકરણ, ૧૦-૩૦કલાકેઅન્નકૂટ આરતી, બપોરે ૧ કલાકે યજ્ઞની પૂર્ણાહુતી ત્યારબાદ ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે. આ ધાર્મિક પ્રસંગે ટ્રસ્ટના સભ્યો તેમજ સર્વે કારોબારી સભ્યોને સહ પરિવાર સાથે અને ધર્મપ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા ટ્રસ્ટી મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ચાંદરેજ હાઈસ્કૂલમાં વિના મૂલ્યે નોટબુકનું વિતરણ

ધનસુરા, તા. ૨૦

ગુજરાત દિવ્ય જીવન સંઘ અમદાવાદ અને ગાયત્રી શિક્ષણ સેવા ટ્રસટ મોડાસાના સંયુક્ત ઉપક્રમે શ્રી વિજય ઉત્તર બુનિયાદી ઉ.મા. શાળા ચાંદરેજ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને વિનામુલ્યે નોટબુકોનું વિતરણ કરાયું હતું. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ નીમિત્તે ઉપસ્થિત કાર્યપાલક ઈજનેર સી.એન. રાઠવા, સી.આર.સી., પી.આર. પટેલ શાળાના આચાર્ય તથા શિક્ષકોની ઉપસ્થિતિમાં તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને વિના મુલ્યે નોટબુકોનું વિતરણ કરાયું હતું અને આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા દિવ્ય જીવન સંઘ અમદાવાદ અને ગાયત્રી શિક્ષણ સેવા ટ્રસ્ટ મોડાસાના નવીનભાઈ ત્રિવેદીનો આભાર માનવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય મહેશભાઈ પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. શાળાના શિક્ષક એચ.આર. ભટ્ટ તથા મહેમાનો દ્વારા પ્રાસંગીક પ્રવચન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક બી.કે. પ્રજાપતિએ કર્યું હતું.

મેઘરજના કદવાડી ગામે બે નરાધમોએ સગીરાનું અપહરણ કરી તેને પીંખી નાખી

મેઘરજ, તા. ૨૦

મેઘરજ તાલુકાના કદવાડી ગામે ૧૭ વર્ષીય સગીરાને બે ઈસમોએ એકબીજાની મદદગારી કરી રસ્તામાંથી અપહરણ કરી મહેસાણાના રેવા ગામે લઈ જઈ ખેતરોમાં જુદી જુદી જગ્યાએ બળાત્કાર ગુજાર્યાની ફરીયાદ ઈસરી પોલીસ સ્ટેશને નોંધાવતા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગત મુજબ કદવાડી ગામની સગીરા ગઈસાલ ધો. ૧૦માં અભ્યાસ કરતી હતી ત્યારે આ કામના આરોપી બીપીન અરવિંદ કટારા રહે. ઈટવા, તા. મેઘરજ સ્કૂલમાં જતા આવતા અને તેની પાછળ પાછળ બાઈક લઈને આવતો હતો અને સગીરાને વારંવાર કહેતો કે હું તને પ્રમ કરૂ છુ, તારી સાથે લગ્ન કરવા છે તેમ કહી ગુમરાહ કરવાનો વારંવાર પ્રયત્ન કરતો હતો. પરંતુ સગીરા તેની વાતમાં ન આવતા સગીરાએ તેના પિતાને આ ઘટના વિશે વાત કરતા તેઓએ બીપીનને ઠપકો આપેલ ત્યાર બાદ સગીરા ધો. ૧૧ની પરીક્ષા આપી ત્યાર બાદ રસ્તામાં જતા આવતા ત્યારે પણ આ કામના આરોપી બીપીને સગીરાનો પીછો કરી તેમજ ફોસલાવવાનો પ્રયત્ન કરતા સગીરાએ તા. ૩-૨-૨૦૧૬ના રોજ ઈસરી પોલીસ સ્ટેશને લેખીતમાં ફરીયાદ આપી હતી.

ત્યારબાદ આજથી આસરે એક માસ પહેલા બીપીન અરવિંદ કટારા અને તેને મદદગારી કરનાર રમેશ તારાચંદ રહે. શરમ વાંકાખાડા, તા. વીંછીવાડા, જિ. ડુંગરપુર રાજસ્થાન બંને યુવકોએ સગીરા રસ્તે જતી હતી ત્યારે ફોસલાવી લલચાવીને સગીરાને છેતરીને ભગાડી ગયા હતા અને સગીરાને વીસ દિવસ સુધી જુદા જુદા સ્થળે લઈ જઈ બિભસ્ત કૃત્ય કર્યું હતું. આ ઘટનાના આરોપીઓ સગીરાને મહેસાણાના ખેતરોમાં કામ કરી બળાત્કાર ગુજરાતી આરોપી બીપીન ધમકીઓ આપતો હતો કે આ બાબતે તે કોઈ વ્યક્તિને કે તારા ઘરે જાણ કરી છે તો તને જાનથી મારી નાખીશુ અને તારા પિતાને પણ જાણ કરી તો જાનથી મારી નાખીશુ અને સગીરા સાથે બળજબરીપૂર્વક મારઝુડ કરી સંબંધ બાંધ્યો હતો. આજથી ત્રણ દિવસ અગાઉ સગીરા આરોપીઓના ચુંગલમાંથી ભાગી તેના પિતાના ઘરે આવી જતા સમગ્ર ઘટનાની તેના પિતાને જાણ કરતા તેના પિતા દ્વારા ઈસરી પોલીસ સ્ટેશને આરોપી બીપીન અરવિંદ કટારા રહે. ઈટવા, તા. મેઘરજ અને મદદગારી કરનાર રમેશ તારાચંદ રહે. શરમ વાંકાખાડા, તા. વીંછીવાડા, જિ. ડુંગરપુર રાજસ્થાન સામે ઈ.પી.કો. ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ પોસ્કો એક્ટની કલમ ૮/૧૨ મુજબ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

પાલનપુરમાં બાઈકચોરી અને ચેઈન સ્નેચીંગ કરતા નબીરા ઝડપાયા

પાલનપુર, તા. ૨૦

પાલનપુર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ચેન સ્નેચીંગ અને બાઈકચોરીના બનાવો વધી જતા પોલીસે આ અંગે સતર્કતા દાખવી આજે સાધન સંપન્ન સુખી ઘરના ત્રણ નબીરાઓને ત્રણ ચોરેલી બાઈક સાથે ઝડપી પાડ્યા હતા.

પાલનપુર શહેરમાંથી વાહનચોરી અને ચેનસ્નેચીંગના ગુના અટકાવવા માટે એલસીબી પોલીસે સતર્કતા દાખવી જુદી જુદી ટીમો બનાવી વૉચ ગોઠવેલ જેમાં પોલીસને સફળતા મળેલ અને અશોક ઓડ, બાબુ ચૌધરી, પ્રકાશ જુડાલ પાસેથી ત્રણ મોટરસાઈકલ બજાજ પ્લેટીના નં. જીજે-૦૮.એકે.૬૮૫૮, હીરો હોન્ડા સ્પ્લેન્ડર - જીજે.૨જી. ૬૯૭૮ તથા બજાજ પલ્સર જીજે૮.એસી. ૮૭૨૨ કબ્જે કરેલ છે. આરોપીઓ તેમના ખેતરમાં બહારથી માણસો બોલાવી ચેન સ્નેચીંગ કરાવે છે. આરોપીઓએ ચેન સ્નેચીંગ અને બાઈક ચોરીના ૧૩ ગુનાઓની કબુલાત પણ કરી હતી.

ઊંઝા સિટી પોઈન્ટ સિનેમા પાસે જાહેરમાં જુગાર રમતા ચાર ઈસમો ઝડપાયા

ઊંઝા, તા. ૨૦

ઊંઝા ખાતે માર્કેટયાર્ડના ગેટ પાસે પોઈન્ટ સિનેમામાં જવાના માર્ગે જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને પોલીસે પકડી પાડી રોકડ રકમ તેમજ જુગારના સાધનો મળી કુલ રૂપિયા ૮૫૦૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઊંઝા ખાતે માર્કેટયાર્ડના ગેટ પાસેની ગલીમાં સાંજના સમયે કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની મળેલ હકિકતના આધારે સ્થાનિક પોલીસે દરોડો પાડ્યો હતો. જેમાં ચાર શખ્સો કમલેશ વિઠ્ઠલભાઈ પટેલ, પીન્કકુમાર રમેશભાઈ પટેલ, અશોક કાન્તિલાલ પટેલ ને અમીત સુરેશભાઈ પટેલ તમામ રહે. ઊંઝા ઝડપાઈ ગયા હતા. પકડાયેલા શખ્સોની પોલીસે અંગ ઝડતી કરતાં તેઓની પાસેથી કુલ ૫૪,૧૦૦ તેમજ સ્થળ પર દાવના રૂપિયા ૩૦,૯૨૦ મળી કુલ રૂપિયા ૮૫,૦૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ અંગે ઊંઝા પોલીસે ચારેય શખ્સો વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન લોકોમાં ચર્ચાતી વાતો મુજબ જુગારના સ્થળે દાવ પર મોટી રોકડ રકમ હતી. પરંતુ ફરિયાદમાં ઓછી રકમ દર્શાવવામાં આવી છે. આ ઉપરાંત પકડાયેલ શખ્સોને જામીન પર છોડવા માટે પોલીસે મોટી રકમનો તોડ કર્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ત્યારે આમાં ખરેખર સત્ય શું છે ? તે અંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ખાનગી રાહે ઝીણવટભરી તપાસ કરાવી ભ્રષ્ટ અધિકારી યા કર્મચારી સામે કાયદાકીય કડક પગલાં ભરવા જોઈએ તેવું લોકોમાં બોલાય છે.

એફડીઆઈને મંજુરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

એફડીઆઈ ઓટોમેટીક રૂટ મારફતે રહેશે. શેડ્યુલ એરલાઈન્સમાં ૧૦૦ ટકા એફડીઆઈ અને ઓટોમેટીક રૂટ મારફતે એરલાઈન્સમાં ૪૯ ટકા એફડીઆઈને લીલી ઝંડી આપવામાં આવી છે. ડિફેન્સમાં ૪૯ ટકાથી વધુ એફડીઆઈને મંજુરી એપ્રુવલ રૂટ મારફતે પહેલાથી જ આપવામાં આવી ચુકી છે. ઓટોમેટીક રૂટ મારફતે ૪૯ ટકા એફડીઆઈને મંજુરી આપવામાં આવી છે. એફડીઆઈ માટે દેશમાં અતિ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ હવે કરવામાં આવી રહ્યો છે. સરકારે સોર્સિંગના ધારાધોરણને પણ હળવા બનાવી દીધા છે. લોકલ સોર્સિંગના ધારાધોરણોને ત્રણ વર્ષ સુધી હળવા કરવામાં આવ્યા છે. એપલના સીઈઓ ટીમકૂક તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને આઈફોન કંપની માટે ૩૦ ટકા લોકલ સોર્સિંગના નિયમથી મુક્તિ આપવાની માંગણી કરી હતી. નવા ધારાધોરણો અંગે નિવેદનમાં જાહેરાત કરવામાં આવી છે. સરકારે કહ્યું છે કે આ ફેરફારનો મતલબ એ છે કે એફડીઆઈ પોલીસીને વધુ હળવી કરવામાં આવી રહી છે. મોટાભાગના સેકટરો હવે એપ્રુવલ રૂટ મારફતે આગળ વધી રહ્યા છે. માત્ર નાનકડી નેગેટીવ લીસ્ટ સિવાયના તમામ સેકટરો એપ્રુવલ રૂટ હેઠળ આવશે. આ ફેરફારની સાથે જ ભારત હવે એફડીઆઈ માટે વિશ્વમાં મોસ્ટ ઓપન ઈકોનોમી બનવાની દિશામાં છે. માર્ચમાં પુરા થયેલા નાણાકીય વર્ષમાં એફડીઆઈનો આંકડો ૫૫.૪૬ અબજ ડોલર સુધી પહોંચ્યો હતો. જે અગાઉના નાણાંકીય વર્ષમાં ૩૬.૦૪ અબજ ડોલર રહ્યો હતો. ઓટોમેટીક રૂટ મારફતે ૧૦૦ ટકા એફડીઆઈ સુધીની મંજુરી અપલીંકીંગ યુબી/ટેલીપોર્ટ, મોબાઈલ ટીવી, ડીટીએચ, કેબલ નેટવર્કની રચના કરવાની મંજુરી આપવામાં આવી છે. જોકે એક કંપનીમાં ૪૯ ટકાથી વધુ મૂડીરોકાણ માટે કેટલીક મંજુરીની જરૂર રહેશે. સરકારે ડિફેન્સ, ટેલિકોમ, પ્રાઈવેટ સિક્યુરિટી, કેસોમાં ઈન્ફર્મેશન અને બ્રોડકાસ્ટીંગમાં શાખાઓ અને પ્રોજેક્ટ ઓફિસ શરૂ કરવામાં અલગ સિક્યુરિટી ક્લિયરન્સ અથવા તો આરબીઆઈ મંજુરીને ઉઠાવી લીધી છે. આનો મતલબ એ થયો કે સામાન્ય લોકોને ઓછો બોજ રહેશે.

ક્ષણના ચણીબોર ● ૪ પાનાનું ચાલુ...

તેમની સહજ અભિવ્યક્તિ કવિના જીવનમાં બનેલા કરુણ પ્રસંગો તથા તે સામે પ્રગટ થયેલ અસાધારણ મનોબળની સાક્ષી પૂરે છે. વિપુલ માત્રામાં તેમનું સાહિત્યસર્જન છે તથા વૈવિધ્યસભર છે. શ્રી સુન્દરમ્ યથાર્થ રીતે નરસિંહરાવને "પ્રતિભાશીલ કવિ કરતા કવિતાના એક અતિ સહદય ભક્ત" તરીકે ઓળખાવે છે. કવિની "મંગળ મંદિર ખોલો" રચના અમર રહેવા સર્જાયેલી છે. મરણને એક મંગળ પ્રસંગ ગણીને તેને વધાવી લેવાની વાત આપણી ભાષાના અનેક સર્જકોએ ભિન્ન ભિન્ન છતાં આકર્ષક સ્વરૂપે રજૂ કરેલી છે. મરણની આ મૂલ્યવાન ક્ષણ માટે કહેવાયેલા જનાબ ગની દહીંવાલાના શબ્દો યાદ કરવા ગમે તેવા છે.

અહીં શ્વાસ છોડયા કે બીજી જ ક્ષણમાં
લપેટાઈ જાશું નવા આવરણમાં

ગીતાકારે અગ્નિ બાળી શકતો નથી તથા જેને શસ્ત્રો છેદી શકતા નથી તેવા આત્માના સળંગ અસ્તિત્વની વાત કરી છે. જેને પરહરવામાં આવે છે તે તો સ્થૂળ શરીર છે. શાસ્ત્રોની વાતો આપણાં લોકકવિઓએ સરળ રીતે તથા નજર સામેના ઉદાહરણ સાથે સમજાવવા પોતાના શબ્દોમાં મૂકી છે. તળાવના નીરનું રૂપક લઈ આવાગમનની આ સાતત્યપૂર્ણ ઘટના બાબતમાં કવિ શ્રી દુલા ભાયા કાગ કહે છે :

નીર નવાને સ્થાન તમારું,
સોંપી સાગરને મળજો,
સૂર્ય તણે ચૂલે સળગીને,
'કાગ' ફરીથી આવી જજો.

હિંમતનગરમાં ધોળે દહાડે મહિલાના ગળામાંથી સોનાના મંગળસૂત્રની લૂંટ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં શાંતિપાર્ક સોસાયટી નજીક સોમવારે સવારના ધોળા દહાડે ચાલતા જઈ રહેલ મહિલાના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર તોડી બે ચેઈન સ્નેચરો લૂંટ ચલાવી ભાગી છુટતા દોડધામ મચી હતી. લૂંટની ઘટના બાદ મહિલાની બૂમાબૂમથી વિસ્તારના રહીશો એકત્ર થઈ ગયા હતા. પરંતુ ઘટનાને અંજામ આપ્યા બાદ બંને લૂંટારૂ ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. રૂા. ૧૩ હજારની લૂંટના મામલે મહિલાએ એ-ડીવીઝનમાં બે અજાણ્યા બાઈક સવાર ચેઈન સ્નેચરો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.

લૂંટની ઘટના સંદર્ભે પ્રાપ્ત વિગત અનુસાર મહાવીરનગરની બંસરી રોનક પાર્ક સોસાયટીમાં રહેતા અવનીબેન જીજ્ઞેશભાઈ ઉપાધ્યાય સોમવારે સવારે દસેક વાગે ચાલતા શાંતિપાર્ક સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન સામેથી કાળા રંગના હોન્ડા બાઈક પર આવેલા બે બાઈક સવાર પૈકીના એક શખ્સએ અવનીબેનના ગળા પર હાથ મારી સોનાનું મંગળસૂત્ર તોડી ખેંચી લીધું હતું. જોકે તે દરમિયાન મંગળસૂત્રનો આશરે અડધા તોલાનો હિસ્સો લૂંટારૂના હાથમાં આવી ગયો હતો. જે લૂંટી લઈ બંને બાઈક સવાર પલભરમાં મહાવીરનગરના ટ્રાફિકથી ભરચક માર્ગ પરથી અદ્રશ્ય થઈ ગયા હતા.

ઘટના બાદ અવનીબેને બૂમાબૂમ કરતા લોકોને લૂંટની જાણ થતાં એકઠા થઈ ગયા હતા. જયારે ઘટનાને નજરે જોનાર કેટલાકે ચેઈન સ્નેચર બાઈક સવારનો પીછો કરવાનો પ્રયાસ કરવા છતાં સફળ થયા ન હતા અને આશરે ૨૦ થી ૩૫ વર્ષની ઉંમરના બંને અજાણ્યા બાઈક સવાર યુવકો લૂંટની ઘટનાને અંજામ આપી ભાગી છુટયા હતા. રૂા. ૧૩ હજારની મત્તાના સોનાના મંગળસૂત્રની લૂંટની ઘટના સંદર્ભે અવનીબેન ઉપાધ્યાયે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોમવારે ફરિયાદ નોંધાવતા પોલીસે હરકતમાં આવી ગુનો નોંધી તપાસ આદરી હતી.

કંપની મોખરે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવામાં આવે છે. આ મૂલ્યાંકનની કામગીરી ઈકરા અને કેર જેવી દેશની ખ્યાતનામ સંસ્થાઓને સોપવામાં આવે છે. મૂલ્યાંકન પદ્ધતિમાં ૮૦ થી ૧૦૦ની વચ્ચે ગુણ મેળવનારી કંપનીને એ રેટીંગ આપવામાં આવે છે. ઊર્જા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૩માં કેન્દ્રની યુપીએ સરકારના શાસન સમયે કુલ ૩૯ વીજ કંપનીઓમાંથી માત્ર ચાર વીજ વિતરણ કંપનીઓ ગુજરાતની હતી. ઉત્તર ગુજરાત વીજ વિતરણ કંપની લિ. દક્ષિણ ગુજરાત વીજ વિતરણ કંપની લિ.મધ્ય ગુજરાત વીજ વિતરણ કંપની લિ. અને પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની લિ. એમ ગુજરાતી વીજ વિતરણ ક્ષેત્રની આ ચારેય કંપનીઓએ વર્ષ ૨૦૧૪માં પણ ફરીથી એ પલ્સ રેટીંગ મેળવીને ફરીથી પ્રથમ ચારમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સિદ્ધિઓની આગેકુચમાં સતત ત્રીજીવાર એટલે કે, વર્ષ ૨૦૧૫માં દેશની કુલ ૪૦ વીજ કંપનીઓની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં ફરીથી ગુજરાતની આ ચારેય વીજ વિતરણ કંપનીઓએ એ પલ્સ રેટીંગ પ્રાપ્ત કર્યું હતું અને પ્રથમ ચારમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને પ્રથમ ચારમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. હવે કેન્દ્ર સરકારે ચાલુ વર્ષે પણ રેટીંગની વિગતો જાહેર કરી છે, જેમાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે.

કુલ ૪૦ વીજ વિતરણ કંપનીઓના મૂલ્યાંકનમાં એ પલ્સ રેટિંગ મેળવનારી સમગ્ર દેશની ત્રણ કંપનીઓનો સમાવેશ થાય છે. આ ત્રણેય કંપનીઓ ઉત્તમ ગુજરાત વીજ વિતરણ કંપની લિ. દક્ષિણ ગુજરાત વીજ વિતરણ કંપની લિ. અને મધ્ય ગુજરાત વીજ વિતરણ કંપની લિ. એ માત્રને માત્ર ગુજરાત રાજયની કંપનીઓ છે જે ગુજરાત માટે ગૌરવની વાત છે.